ગાંધીનગર સમાચાર

# આર એન પટેલ પ્રાયમરી સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો








ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - ગાંધીનગર સંચાલિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલનો ૧૯મો વાર્ષિકોત્સવ અને તેજસ્વી તારલાઓ અને અન્ય પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનાનો ઉપક્રમે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં સાંસ્કૃતિક થીમ 'નવરસ' અંતર્ગત નાટક અને ડાન્સના સમાયોજનવાળી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ધોરણ-૮ના બાળકોએ નાટક રજૂ કર્યુ હતું. જયારે થીમને અનુરુપ નૃત્ય-ગીતમાં ધોરણ-૧ થી ૮ના બાળકોએ અલગ અલગ ડાન્સની સુંદર પ્રસ્તુતિ દર્શાવી હતી.

ઈનામ વિતરણ કાર્યક્રમ દ્વારા ધોરણ-૧ થી ૮ માંથી શ્રેષ્ઠ પરિણામ લાવનાર બાળકોને પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલ મેરિટ સ્કોલરશીપ (વાર્ષિક ફીની ૪૦ ટકા રકમ) તેમજ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. બધા જ ધોરણના અન્ય વર્ગોમાંથી પ્રથમ નંબરે પાસ થયેલા વિદ્યાર્થીઓને પણ પારિતોષિક અને સન્માનપત્રોથી નવાજવામાં આવ્યા હતા. સાથોસાથ બિનશૈક્ષણિક - અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ જેવી કે રાજયકક્ષાએ ખેલમહાકુંભમાં ઉત્કૃષ્ઠ રમતનું પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ, રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૯માં તેમજ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન જેવી સ્પર્ધાઓમાં સુંદર દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પણ ઈનામો અને સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત શાળાકીય રમતોત્સવમાં શ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદ થયેલ 'વ્યાયામવીર' અને 'વીરબાળા' નું પણ આ તબક્કે ઈનામ અને સર્ટીફીકેટ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

સમારંભમાં આમંત્રિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, દાતાશ્રી શામળદાસ એમ. પટેલ, મુખ્ય મહેમાન જાગૃતિબેન પંડ્યા અથિશિ વિશેષ રુપેશભાઈ કે. પટેલ તથા બિપીનભાઈ કે. પટેલ, વિશેષ ઉપસ્થિતિ ડૉ. યશોધર એમ. મિશ્રા (સીવીલ હોસ્પિટલ અમદાવાદ) કે જેઓ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તથા ડૉ. વીણાબેન કે પટેલ (ડીન, એજ્યુકેશન વિભાગ, કડી સર્વ વિશ્વવિદ્યાલય) જેવા મહાનુભાવોની ઉપસ્થિતિ એ બાળકો માટે ખૂબ જ પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## શ્રી પી.કે. ચૌધરી મહિલા આટ્ર્સ કોલેજમાં ઈન્ટરનેશનલ વુમન ડેની ઉજવણી કરાઈ





ગાંધીનગર, તા. ૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજમાં વિશ્વ મિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી.

વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત ચાર દિવસથી ઉજવાયેલ આ અઠવાડિયાનું આયોજન પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરીના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં પેરા લીગલ એડવાઈડર સુધીરભાઈ દેસાઈનું મહિલા માટેના વિવિધ કાયદાઓ અને જોગવાઈ પર વ્યાખ્યાન, મોટીવેશન લોકચરર, કાજલ ઓઝા વૈદ્યનું ઓનલાઈન વ્યાખ્યાન, સાઈબર ક્રાઈમ અને મહિલા જાગૃતિ, મહિલા કુપોષણ માટે જવાબદાર બાબતો અને સતર્કતા પર ડૉ. દિલીપ શાહનું વ્યાખ્યાન અને કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સી.ડબલ્યુ.ડી.સી.ના કન્વીનર ડૉ. લીના સ્વાદિયા અને કો - કન્વીનર ડૉ. હેમાંગીની વાઘેલાએ કર્યું હતું. તો આભાર દર્શન વિદ્યાર્થી પ્રતિનિધિ કુ. હિરલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રેડીયન્ટ સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા. ૮

સરગાસણ સ્થિત રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં ૫ તથા ૬ઠ્ઠી માર્ચ દરમિયાન ધોરણ-૧ થી ૮ (બંને માધ્યમ)ના વિદ્યાર્થીઓ માટે શાળા વાર્ષિક રમતોત્સાવ-૨૦૧૯-૨૦નો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચાલુ શૈક્ષણિક વર્ષના વાર્ષિક રમતોત્સવમાં ૪ હાઉસ મુજબ ભાગ લીધેલ વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીઓએ વ્યક્તિગત રમતો તેમજ ટીમ ઈવેન્ટમાં પોતાના હાઉસનું પ્રતિનિધિત્વ કરીને ઉત્કૃષ્ઠ દેખાવ કરી પ્રથમ, દ્વિતીય તેમજ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ તે તમામને અભિનંદન પાઠવવા તેમજ પ્રોત્સાહન પુરું પાડવામાં શાળા-મેનેજમેન્ટ દ્વારા વિજેતા ખેલાડીઓનો મેડલ્સ અને સર્ટીફિકેટ્સ એનાયત કરવામાં આયોજન કરી તમામ વિદ્યાર્થીઓનો પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સંસ્થાના મેનેજિંગ ડાયરેટર જી.ટી. શનિયારા તથા કેમ્પસ ડાયરેકટર જે.બી. વામજા દ્વારા તમામ વિદ્યાર્થીઓનો અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. અને ભવિષ્યમાં છેલ્લે કરેલ પ્રદર્શનથી પણ વધુ સારું પ્રદર્શન કરી બતાવી પોતાનું તથા પોતાના હાઉસનું નામ રોશન કરે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## મગોડી પી આર ઠક્કર વિદ્યા વિહારમાં અદ્યતન વિજ્ઞાન ભવનનું ઉદ્ઘાટન થયું



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે મોન્ટોકાર્લો શિક્ષણ સંકુલ પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં 'મગનલાલ કેશવલાલ પટેલ વિજ્ઞાન ભવન'નું ઉદ્ઘાટન દાતા પુષ્પાબેન મગનલાલ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ભવન બનાવવા માટે મગનલાલ કેશવલાલ પટેલ પરિવાર તરફથી ૧૧ લાખ રૂપિયાનું દાન પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત મુરુગપ્પા મોર્ગન થર્મલ સિરામિક લિમિટેડ દ્વારા આઠ લાખ રૂપિયાનું દાન મળ્યું હતું.

કેન્દ્ર સરકાર દ્વરા આ સંસ્થાને 'અટલ ટીકરીંગ' લેબોરેટરી પણ ફાળવવામાં આવી છે.

આ ઉપરાંત નટુભાઈ ઠક્કર કમ્પ્યુટર સાયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન દાતા ડૉ. ઉપેન્દ્રભાઈ રાવલ તેમજ ગોવિંદભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. 'જલ્પા વિજ્ઞાન લાઈબ્રેરી'નું ઉદ્ઘાટન દાતા અનુસૂયાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિતિ દાતાઓ અને મહાનુભાવોનું શાલ ઓઢાણી, મોમેન્ટો તથા બુકેથી સન્માનિત કરી બિરદાવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક રાજુભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ઉર્જા બચાઓ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૮

શારીરિક શિક્ષણની રાષ્ટ્રીય સેવા યોજના એકમના ગૂજરાત વિધાપીઠ, સાદરા દ્વારા ગૂજરાત વિધાપીઠના શતાબ્દી વર્ષ નિમિત્તે ઉર્જા બચાઓ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડૉ. અનિલ ભાઈ પટેલ દ્વારા તેમને ઉર્જા બચાઓ વિશે પ્રાયોગિક તરીકે શીખવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં નિસર્ગ કમ્યુનિટી સાયન્સ કેન્દ્ર ગાંધીનગરના સંયોજક શ્રી હાર્દિક મકવાણા પણ હાજર રહ્યા હતા કાર્યક્રમની શરૂવાતમાં કાર્યકારી ડીનશ્રી પ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને મેહમાનોના સુતરની આંટીથી સ્વાગત સ્વય સેવક શ્રી દેવાશીસ મોહન્તી અને શ્રી દિનેશ મેરએ કર્યું હતુ અનિલ ભાઈ પટેલે કેવી રીતે સ્વય સેવકોએ ગામમાં ઘરે ઘરે જઈ લોકોને સોલર ઉર્જા વિશે સમજાવી લોકોને વીજળી બચાઓ વિશે જાગૃત્ત કરી શકે છે અને દરેક ઘરમાં એલ.ઈ.ડી. બલ્બ છે કે નહિ તેની તપાસ કરી લોકોને એલ.ઈ.ડી. બલ્બથી કેટલી વીજળી બચાવી શકાય છે તે જણાવી શકીએ છીએ અને ભવિષ્યમાં લોકો પાસે સોલર ઉર્જા સિવાય કોઈ વિકલ્પ નથી અને એક પરિવાર કેવી રીતે સરકારની સહાયથી સોલર ઉર્જા ઘરમાં લગાવી વીજળીની બાબતમાં આત્મનિર્ભર બની શકે છે અને પર્યાવરણને પણ બચાવી શકે છે તેના માટે સરસ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું અક્ચ્ક્રમાંના અંતમાં આભાર રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવી હતી

## હો રાજ મને લાગ્યો કસુંબી નો રંગ.... હોળી (રંગોત્સવ)

**પ્રસંગસર**

**જીગર બારોટ**

હોળી નો તહેવાર એટલે રંગો નો તહેવાર. હિંદુ પંચાગ પ્રમાણે ફાગણ સુદ પૂનમના દિવસે હોળી નો તહેવાર મનાવવામા આવે છે. વર્ષ નો આ સમય વસંતઋતુ ના વધામણા નો સમય હોય છે. જ્યાં ખેતરો પાકથી લહેરાતા હોય છે, કુદરતમાં પુષ્પોનો પમરાટ અને



એક જાતની માદકતા છવાઈ જાય છે, યુવાન હૈયા વસંત ની સાથે ખીલી ઉઠે છે અને ઢોલી ના ઢોલ સાથે ગવાતા ફગણના ફાગ અને ધુળેટીના રંગોમાં રંગાઈ ને ઝૂમી ઉઠે છે.એટલે જ હોળી ના તહેવારને વસંતોસ્તવ તરીકે પણ ઓળખવામા આવે છે.

હોળી ના તહેવાર સાથે સંકળાયેલ પૌરાણિક કથાઓ મા એક "હોલિકા અને પ્રહ્લાદ" ની કથા ખુબ પ્રચલિત છે. એક દંતકથા અનુસાર દૈત્યો ના રાજા હિરણ્યકશ્યપ ને બ્રહ્માજીનુ વરદાન હતુ કે તેનુ દિવસે કે રાત્રે, જમીન પર કે આકાશમા, ઘર ની અંદર કે બહાર, મનુષ્ય કે પ્રાણી દ્વાર, અસ્ત્ર કે શસ્ત્ર થી મૃત્યુ થશે નહી. આ વરદાન ને લીધે તે અમર, અભિમાની અને અત્યાચારી બની ગયો હતો. તેણે ઈશ્વર ને પૂજવાનું બંધ કરાવ્યુ અને પોતે ભગવાન બની ગયો હતો. બીજી બાજુ પોતનો જ પુત્ર પ્રહ્લાદ ભગવાન વિષ્ણુ નો પરમ ભક્ત હતો. જે હિરણ્યકશ્યપ ને ખુબ જ ખૂંચતુ હતુ તેથી તેણે પુત્ર પ્રહ્લાદ ને વિષ્ણુભક્તિ થી દુર રહેવા ખુબ પ્રયત્નો કર્યા પણ તે સફળ રહ્યો નહી. આખરે બધા પ્રયત્નોમા નિષ્ફળ રહ્યા પછી તેણે પોતના પુત્ર પ્રહ્લાદ ને મારી નાખવાનો વિચાર કર્યો અને તેનુ ઉત્તરદાયિત્વ પોતની જ બહેન હોલિકા ને સોપ્યું. હોલિકા ને એવુ વરદાન પ્રાપ્ત થયેલુ હતુ કે તેને કોઈ અગ્નિ બાળી શકે નહી તેથી હોલિકા ભક્ત પ્રહ્લાદ ને પોતાના ખોળમાં લઈ ને અગ્નિમાં બેસી ગઈ. પરંતુ ત્યારે એક ચમત્કાર થયો. અગ્નિ મા ભક્ત પ્રહ્લાદ ની જગ્યા એ હોલિકા બળવા લાગી. ત્યારે હોલિકા દ્વારા આમ થવાનુ કારણ ભગવાન ને પુછતા એવી આકાશવાણી થઈ કે તે વરદાન નો દુરુપયોગ કર્યો તેથી તુ બળી રહી છે અને ભકત પ્રહ્લાદ ભગવાનનો સાચો ભક્ત છે તેથી તેને કંઈપણ ના થયું. આમ ભક્ત પ્રહ્લાદ બચી ગયો અને હોલિકાનુ દહન થઈ ગયુ. ત્યાર બાદ આ ઘટના હોળી ઉત્સવ નુ કારણ બની.

બીજી એક દંતકથા મુજબ ભગવાન શ્રીકૃષ્ણ તેમની પ્રિય રાધા અને ગોપીઓને રંગ લગાવી ને રંગો સાથે રમવાની પરંપરા શરૂ કરી હતી જેથી આ તહેવાર ને રંગોત્સવ તરીકે પણ ઓળખવામા આવે છે.

હોળીના તહેવારની સાંજે ગામના પાદરે કે ચાર રસ્તે લાકડા, છાણા અને અન્ય વસ્તુઓની મદદથી એક ઢગલો બનાવવામા આવે છે. જેને હોળી તરીકે ઓળખવામા આવે છે. યોગ્ય મુહુર્ત જોઈને આ હોળી ને પ્રગટાવવામા આવે છે. શ્રીફળ, ધાણી અને બીજી પવિત્ર વસ્તુઓથી તેનુ પુજન કરવામા આવે છે અને ફરતે પ્રદક્ષિણા કરવામા આવે છે. આ ઉજવણી ની રીતો અલગ અલગ હોઈ શકે પરંતુ દરેક ની ભાવના એક જ હોય છે કે હોળી પ્રગટાવી અસુરી તત્વો નો નાશ કરવો અને દૈવીશક્તિઓનુ સન્માન કરવુ.

- લાલ રંગ: લાલ રંગ ગરમ પ્રકૃતિનો છે, એટલે એનો ઉપયોગ સારવાર માટે થાય છે. તે એડ્રીનલ હોર્મોનને વધારે છે જેથી અનિદ્રા, કમજોરી અને તેની સાથે સંકળાયેલા રોગોમાં રાહત આપે છે. તે શરીરની રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે.
- પીળો રંગ: પીળો રંગ આપણી નર્વસ સિસ્ટમને મજબૂત બનાવે છે. તે ચામડી અને પેટની માસપેશીઓને તાકાત આપે છે અને ખંજવાળથી પણ રાહત આપે છે.
- વાદળી રંગ: વાદળી રંગ ઠંડા રંગ તરીકે ઓળખાય છે. તે આંખો ને ઠંડક આપે છે અને હાઈ બ્લડપ્રેશર ને નિયંત્રણ કરવામા મદદ કરે છે.
- નારંગી રંગ: નારંગી રંગ આપણો ઉત્સાહ વધારે છે જેથી ફેફસા મજબૂત કરવાનું કામ કરે છે એટલે જ આ રંગ અસ્થમા મા ખૂબ ઉપયોગી નીવડે છે.
- લીલો રંગ: લીલો રંગ પ્રકૃતિની ખૂબ જ નજીક છે જેથી તે અંખો ને આરામ અપાવે છે અને શરીરનાં હોર્મોનને સંતુલિત રાખે છે.

હોળીના બીજા દિવસ ને ધુળેટી તરીકે ઉજવવામા આવે છે. આ દિવસે સ્ત્રી-પુરુષ, અબાલ-વૃદ્ધ બધા સાથે મળીને એકબીજા ઉપર અબીલ, ગુલાલ તથા વિવિધ રંગો છાંટીને ઉત્સાહપૂર્વક ધુળેટીનો પર્વ મનાવે છે. લોકો એકબીજા પ્રત્યેની દુશ્મનાવટ ભુલીને ગળે લગાવી, રંગો છાંટીને પોતાનો પ્રેમ અને ભાઈચારો અભિવ્યક્ત કરે છે.

ભારત દેશમાં હોળી નો તહેવાર વિવિધ રાજ્યોમા અલગ અલગ નામે ઉજવવામા આવે છે. જેમ કે આસામમા દૌલજાત્ર, બિહાર અને ઝારખંડમા ફાગુવા, ગોવામા ઉક્કુલી, કર્ણાટકામા બેદ્રાવેશા, મહારાષ્ટ્રમા શિમગા, ઓડિશામા ડોલા, પુંજાબમા લુથતક, તેલંગણામા કામુડ, ઉત્તારપ્રદેશમા લાથમાર, ઉત્તારાખંડમા કુમાઉ, પશ્ચિમબંગાળમા ડોલપુર્ણિમા જેવા નામોથી ઉજવાય છે. આ તહેવાર ખાસ કરીને શ્રીકૃષ્ણના જન્મસ્થળ વૃંદાવનમા વિશેષ રીતે મનાવાય છે.

હોળીનો તહેવાર માત્ર ભારતમા જ નહી પરંતુ નેપાળ, ત્રિનિદાદ, ગુયાન, ફિજિ, મોરેશિયસ, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન, અમેરિકા જેવા અનેક દેશોમા વિવિધ રીતે ઉજવવમા આવે છે.

વૈજ્ઞાનિક અભિગમ

હોળી એ માત્ર તહેવાર કે પરંપરા નથી પરંતુ તે પર્યાવરણ અને સ્વાસ્થ્ય સાથે પણ મહત્વપુર્ણ રીતે સંકળાયેલ છે. હોળી નો પર્વ એવા સમયે મનાવવામા આવે છે કે જ્યારે વતાવરણમા ફેરફાર થાય છે એટલે કે શિયાળાની ઠંડી નો અંત અને ચાલુ થતા ઉનાળાની ગરમી ની શરૂઆત વચ્ચે નો સમય. આ સમયે વાતાવરણ અને શરીરમા બેકટેરિયાનુ પ્રમાણ વધવા લાગે છે. જેના લીધે શરદી ઉધરસ વાઇરલ ઈન્ફેકશન જેવી બીમારીઓનું જોખમ વધે છે. હોળીમાં પ્રગટાવેલી અગ્નિ ના લીધે વાતાવરણનું તાપમાન વધે છે અને હવામાં રહેલા જીવાણુઓ તથા બેક્ટેરિયા નાશ પામે છે તેથી વાતાવરણ જીવાણુ મુક્ત બને છે અને બીમારી ફેલાતી અટકે છે. બીજું કારણ હોળી ની ફરતે પ્રદક્ષિણા કરવાથી હોળી ની ગરમી શરીરમાં પ્રવેશે છે અને શરીરના જીવાણુનો નાશ પામે છે જેથી રોગ થવાની સંભાવનાઓ ઓછી થઈ જાય છે અને શરીરમા સ્ફુર્તિ નો સંચાર થાય છે.

ધૂળેટીના રંગોથી રમવા પાછળ પણ વૈજ્ઞાનિક કારણ છે. અબીલ, ગુલાલ, કેસુડાના પ્રાકૃતિક રંગો છાંટવાથી આ રંગો શરીરના છિદ્રો દ્વારા શરીરમાં પ્રવેશે છે જેનાથી ચામડી પર નિખાર આવે છે અને શરીરની સુંદરતામાં વધારો થાય છે. આ દિવસે થનારા સંગીત, નૃત્ય ખેલકૂદ, હસી-મજાક આ બધાને લીધે શરીરમાંથી આળસ દૂર થઈ એક નવી જ ઉષ્મા નો પ્રારંભ થાય છે અને મન પ્રફુલ્લિત થઈ જાય છે. હોળીના દિવસે વપરાતા અલગ અલગ રંગોનું મહત્વ પણ અનેરૂ છે.

**હોળી સાથે સંકળાયેલ રસપ્રદ વાત**

હોળાષ્ટક : હોળાષ્ટક નો અર્થ થાય છે કે હોળા અને અષ્ટક. હોળી પહેલાના આઠ દિવસ એટલે કે હિંદુ પંચાંગ મુજબ ફાગણ માસની અષ્ટમીથી ફાગણ માસની પૂર્ણિમા સુધીનો સમય. આ સમયે કોઈપણ શુભ કાર્ય કરવામાં આવતા નથી જેવા કે લગ્ન, ગૃહપ્રવેશ, નવી વસ્તુઓ ખરીદી વગેરે. હોળાષ્ટક દરમિયાન દાન-ધર્મ અને ભજન કિર્તન જેવા કાર્યો કરવામા આવે છે. હોળી પહેલાના આ આઠ દિવસોમા ભક્ત પ્રહલાદ પર હિરણ્યકશ્યપ દ્વારા અત્યંત યાચનાઓ આપવામાં આવી હતી તેથી તે અશુભ માનવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ આ આઠ દિવસ બધા ગ્રહો પોતાના ઉગ્ર સ્વરૂપ મા હોય છે જેથી તેની અસરરૂપે મનુષ્યનુ મન ભારે અને વ્યથિત રહે છે. હોળીના દિવસે આ ગ્રહોની નકારાત્મક શક્તિ ઓછી થાય છે જેથી મનુષ્યમા પ્રસન્નતા અનુભવાય છે.


**ડાયરેક્ટ ❤ સે**

જેને આંખમાંથી
કઈ કોઈને માટે
આંસુ સાર્યા નથી,
એવા માણસોથી
દૂર રહો....

**જન્મદિને વધામણી**



બાબુભાઈ જેબલીયા
પ્રમુખ, કિસાન મોર્ચો ગુજરાત પ્રદેશ, ભારતીય જનતા પાર્ટી



રમેશ ગોરધનદાસ ચંદવાણી
ઉપપ્રમુખ, સિંધી પંચાયત ગાંધીનગર
મો. ૬૩૫૪૧ ૯૫૯૬૪



જય પંચોલી
ધી ટ્રાવેલ નેટવર્ક
મો. ૮૯૦૫૩ ૬૨૯૩૧



દર્પી ઘનશ્યામભાઈ પટેલ
મો. ૯૯૨૫૦ ૪૯૦૧૮